


## (A - 8)
## ઓ! પંખિડા! જાજે પ્રભુના દેશમાં

(રાગ–પારેવડા જાજો વીરાના દેશમાં)

ઓ! પંખિડા! જાજે પ્રભુના દેશમાં (૨)  
બોલજે હેજે સંદેશમાં......ઓ! પંખિડા૦ ૧

શ્યામજી સિધાવ્યા શિવનારીને કારણે;  
ગિરનાર જેવા પ્રદેશમાં.....ઓ! પંખિડા૦ ૨

કહેજે કે રાજુલાએ, કીધી છે બાધા;  
જીવવું છે સાધુ વેશમાં.....ઓ! પંખિડા૦ ૩

સ્વામી નેમિનાથ તુંહિ, આશરો છે મારે;  
તારો મને ત્યાગના વેશમાં...ઓ ! પંખિડા૦ ૪

મુક્ત બ્રહ્મચારી એ, દંપતિને પ્રણમો,  
સંત કહે છે ઉપદેશમાં........ઓ! પંખિડા૦ ૫